ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૨ ટકા

# કોરોનાના કેસ ઘટયા પરંતુ ડર યથાવત

ગાંધીનગર, તા.૨૬

કોરોનાના કેસોમાં છેલ્લા કેટલાય સમયથી ઓટ આવવાની શરૂઆત થઈ છે. દિન પ્રતિદિન કોરોનાના કેસો ઘટી રહ્યા છે. કોરોનાના કેસો ઘટયા છે પરંતુ તેનો ડર હજુ યથાવત રહ્યો છે. બજારો શરૂ થયા છે પરંતુ તેમાં ભીડ ઓછી દેખાઈ રહી છે. લોકો કારણ વગર ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

કોરોનાના કાળા કેરમાંથી હજુ આપણે સંપૂર્ણપણે બહાર આવી શકયા નથી. રસીકરણ શરૂ થઈ ચુકયું છે પરંતુ હજુ કોરોનાનો કહેર કાબુમાં આવ્યો નથી. જો કે ગત એપ્રિલ માસમાં શરૂ થયેલી કોરોનાની બીજી લહેરે તો રીતસર હાહાકાર મચાવ્યો હતો. ઘરે ઘરે જાણે કોરોનાના કેસો જોવા મળ્યા હતા




હોસ્પિટલો હાઉસફુલ થઈ ગઈ હતી. જયારે દાખલ દર્દીઓ માટે પણ ઓકિસજન અને રેમડેસીવર ઈન્જેકશનની વ્યવસ્થા કરવા તેમના સગાઓએ ઠેર ઠેર ભટકવું પડતું હતું હાલત ખૂબ જ ભયાવહ બની ગઈ હતી. સરકારે અંશતઃ લોકડાઉન અને રાત્રી કરફયુનો સહારો લઈ કોરોનાના કેસો કાબુમાં લાવવાનો પ્રયાસ કર્યો હતો.

સરકારના પ્રયત્નોના કારણે અને લોકોની જાગૃતિના પરિણામે ધીમે ધીમે કોરોનાના કેસો કાબુમાં આવ્યા હતા. દરરોજ નોંધતા પોઝીટીવ કેસોની સંખ્યા ઘટી રહી છે. ધીમે ધીમે બજારોને થોડીક છૂટછાટ મળી રહી છે. બજારો બપોરે ૩ વાગ્યા સુધી ખુલ્લા રહે છે. જો કે હજુ પણ લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ખૂબ આવશ્યક હોય તો જ લોકો ઘરની બહાર નીકળી રહ્યા છે. હરવા ફરવા જવાનું તો લોકો ટાળી જ રહ્યા છે. બજારો ખુલ્યા જરૂર છે પરંતુ તેમાં ભીડ જરાય જોવા મળતી નથી. માત્ર થોડાક જ ગ્રાહકોની અવરજવર જોવા મળે છે.

## તૌકતે વાવાઝોડા પછીની ખાનાખરાબીમાં જીએઆઈઆરની હેમ રેડિયો ટીમની પ્રસંશનીય કામગીરી





ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં તૌકતે વાવાઝોડાને લીધે દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ કરીને ભાવનગર, અમરેલી અને પોરબંદર જિલ્લાઓમાં ૧૫૦ કીમીથી વધુ ઝડપથી ભારે પવન તથા વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ રાજય સરકાર દ્વારા ભાવનગર, અમેરલી તથા પોરબંદર ખાતે અને સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલ રૂમ ખાતે હેમ રેડીયો સ્ટેશન કાર્યરત કરવા મળેલ સૂચના મુજબ તા. ૧૭મી મે થી સંસ્થા દ્વારા તમામ સ્ટેશન ચાલુ કરી દેવામાં આવેલ હતા.

વાવાઝોડાની વધુ અસર જાફરાબાદ, રાજુલા-અમરેલી ખાતે જણાતા ગાંધીનગરથી વધુ એક ટીમ જાફરાબાદ મોકલવામાં આવી હતી. રાજકોટથી એક ટીમ પોરબંદર ખાતે હેમ સ્ટેશન કાર્યરત કરાઈ હતી. અમરેલી જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં અસંખ્ય વીજળીના થાંભલા, મોબાઈલ ટાવર તથા ૬૬ કેવીની હેવીલાઈનના થાંભલા પણ પડી જવા પામ્યા હતા. જેના લીધે વીજ પુરવઠો ખોરવાઈ જતા મોબાઈલ તથા અન્ય સંદેશા વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. જેથી હેમ રેડીયો ટીમ દ્વારા એચએફ તથા વીએચએફ સંદેશા વ્યવહારની ગોઠવણ કરી સ્થાનિક વહીવટી તંત્ર તથા રાહત અને બચાવ કાર્ય કરતી વિવિધ એજન્સીઓને જરુરી સંદેશા વ્યવહાર ચાલુ કરી આપ્યો હતો. ખરાબ રોડ રસ્તા તથા વાવાઝોડાની અસર વચ્ચે વિષમ પરિસ્થિતિ હોવા છતાં ગાંધીનગરથી ભાવનગર, જાફરાબાદ તથા અમેરલી પહોંચી સંસ્થાના મેમ્બર્સ કૌશલ જાની, નાનુભાઈ નાદોડા, દીપક આશરા, ધર્મેન્દ્ર ત્રિવેદી તથા સુરજ કોટેચાએ કપરા સંજોગોમાં ખુબ સરાહનીય કામગીરી કરી હતી. અમરેલીના તથા ભાવનગરના કલેકટરો દ્વારા હેમ રેડીયો દ્વારા કરવામાં આવેલ કામગીરી બીરદાવવામાં આવી હતી. સંસ્થાના જનરલ સેક્રેટરી ડૉ. જગદીશ પંડયા તથા પ્રવિણ વલેરા દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. જયારે રાજકોટથી સંકલન નરેન્દ્રસિંહ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના 'વિદ્યાનિકેતન વિભાગ' દ્વારા ઑનલાઈન સમર કેમ્પ 'કલામૃતમ્ - ૨૦૨૧'ના ચોથા દિવસે ૪૩૦૦૦થી વધારે બાળકો જોડાયાં

ગાંધીનગર, તા.૨૬

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત પાંચ દિવસના ઑનલાઈન સમર કેમ્પના ચોથા દિવસે રમત- ગમતની પ્રવૃત્તિ થઈ હતી. આ કાર્યક્રમમાં ૭૫૦૦૦થી વધુ બાળકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ૯૪૯૦૮ બાળકોને જીવંત પ્રશ્નોત્તારીના ઉત્તર આપવામાં આવ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ દ્વારા બાળકોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું. યુનિવર્સિટીના મા. કુલપતિશ્રીના અંગત મદદનીશ યોગેન્દ્રભાઈ પટેલ દ્વારા બાળકોને વિવિધ માનસિક અને બૌદ્ધિક રમતો જેવી કે દિવાસળી ગોઠવવી, પાસાંઓની મદદથી




કોયડાઓ ઉકેલવા અને શબ્દો ગોઠવવાની વગેરે રમતો રમાડવામાં આવી હતી. "વિદ્યાનિકેતન વિભાગ"નાં આસિ.પ્રો. ડૉ.શિલ્પાબહેન દ્વારા પણ દડા વડે ઘરમાં રમી શકાય તેવી રમતો રમાડવામાં આવી તેમજ વિવિધ રમતોને અનુરૂપ ચિત્રો બતાવી રમતોની પ્રશ્નોતરી દ્વારા બાળકોને રમતો રમાડવામાં આવી હતી. રમતોના આ સેશનમાં સહાયક તરીકેની ભૂમિકા હર્ષ રાજગોરે નિભાવી હતી. સ્કૂલ ઑફ ઈનોવેટિવ એજ્યુકેશનના ડાયરેક્ટર પ્રો.રણજિતસિંહ પવાર દ્વારા પણ બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ કુણાલ પંચાલે કર્યું હતું. ચિત્રસર્જનના આ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી ૪૩ હજારથી વધારે વિદ્યાર્થી 'યુ-ટ્યૂબ' અને "વંદે ગુજરાત' ચેનલ ૧ના જીવંત પ્રસારણથી જોડાયા હતા.


## વોશીંગમાં આપેલી કારને અકસ્માત થતા માલિકે પોલીસ ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામે રહેતા એક નાગરીકે વોશીંગમાં આપેલી કારને અકસ્માત થતા ભારે નુકશાન થવા પામ્યું હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સંકલ્પ રોયલ બંગ્લોઝ ખાતે રહેતા મુકેશસિંહ મોહનસિંહ ચૌહાણ વોકીંગ માટે નીકળ્યા હતા. ત્યારે ગત તા.૨૩ના રોજ કિર્તિધામ સોસાયટી સામે ખોડીયાર વોશીંગ ખાતે ગયા હતા. વોશીંગ સ્ટેશન ખાતે હાજર વ્યકિતને કાર લઈ જવા માટે જણાવ્યું હતું. સાડા દશ વાગ્યાના અરસામાં કારીગર તેમના ઘરે જઈને જી.જે.૧૮.બી.કે.૫૫૦૦ નંબરની હ્યુન્ડાઈ વરના કાર વોશીંગ માટે લઈ ગયો હતો. ત્યારબાદ વોશીંગ સેન્ટરના માલિક અજીતસિંહ ગોલ સહિતના ત્રણ વ્યકિત તેમના ઘરે આવ્યા હતા. ગેરેજ પર કામ કરતા વ્યકિત કાર વાવોલ-ઉવારસદ માર્ગ પર પેટ્રોલ પંપ પાસે પલ્ટી ખાઈ ગઈ હોવાનું જણાવ્યું હતું. જેથી કાર માલિક મુકેશસિંહ તાત્કાલીક ત્યાં પહોંચીને જોયુ તો કાર ખેતરમાં ઉંધી પડી હતી અને કારને ભારે નુકશાન થવા પામ્યું હતું. ગાડીના નુકશાન અંગે સમાધાનની વાત ચાલી રહી હતી. પરંતુ સમાધાન ન થતા આ મુદ્દે સેકટર-૭ માં પોલીસ ફરીયાદ નોંધાઈ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આ લોકોએ બાપુજીનુ બારમુ ન કરવા દીધું.... છોકરાનું કરવા તૈયાર છે...!!

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર સજનબેન કનુજી, ઉ.વ. ૩૫, ખોરજ
- સ્વ. સીમાદાસ સુબ્રતાદાસ, ઉ.વ. ૫૭, દુર્ગાપુર
- સ્વ. શાહ ઈન્દ્રવદન રમણલાલ, ઉ.વ. ૮૧, સેટેલાઈટ, અમદાવાદ
- સ્વ. પ્રજાપતિ રામાભાઈ ઈશ્વભાઈ, ઉ.વ. ૭૭, સેકટર-૫
- સ્વ. પટેલ કાશીબેન શામળભાઈ, ઉ.વ. ૮૦, ધારીસણા, દહેગામ
- સ્વ. પંડયા દીનેશચંદ્ર નટવરલાલ, ઉ.વ. ૭૨, વાવોલ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. રાજ સુહાસ કૌશિક, ઉ.વ. ૫૩, ઈન્ફોસીટી

## સેકટર-૨૩ ખાતેથી વિદેશી દારૂની ૪૨ બોટલ મળી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ સુવિધા કચેરી સામેની ઝાડીમાંથી પોલીસને વિદેશી દારૂની ૪૨ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૪,૬૫૮નો વિદેશી દારૂના જથ્થાને જપ્ત કરી યુવક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે કર્મચારીઓને દારૂના વેચાણ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સેકટર-૨૩ સુવિધા કચેરી સામેની ઝાડી વિસ્તારમાં રેઈડ પાડી હતી.જયાં જીગ્નેસ વનારસિંહ બારીયા (ઉં.૨૪, રહે.૧૫૪-૧ બી ટાઈપ સે-૨૩) નામનો શખ્સ મળી આવ્યો હતો. પોલીસે યુવક પાસે રહેલી પ્લાસ્ટીકની થેલી ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની ૪૨ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૧૪,૬૫૮ નો દારૂનો જથ્થો જપ્ત કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ તેજ કરી છે.

## હયાતીનો પુરાવો આપવા પેન્શનર્સ વડીલોને તડકામાં લાઈનોમાં ઉભા રહી થાકવાની ફરજ પડે છે

**એસબીઆઈ બેંકની મુખ્ય શાખા પર આવતા દિવ્યાંગ-અશકત-બિમાર સહિતના પેન્શનર્સ માટે માત્ર પાંચ ખુરશી મુકાય છે : ટોકન નંબર ફાળવી એકને જ અંદર જવા દેવાય છે પરંતુ અંદર બેંક ખાલી હોય છે : બાકીના બહાર તડકામાં ધોખવા મજબૂર બને છે**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં નિવૃત્ત પેન્શનર્સ માટે હયાતીના પુરાવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે જે અંતર્ગત જુના સચિવાલય પાસેની એસબીઆઈ બેંકની મુખ્ય કચેરીએ પેન્શનર્સ વડીલો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. અત્યારે કોરોના કાળ હોવાથી બેંકનું કામકાજ ૨ વાગ્યા સુધીમાં આટોપી લેવાય છે જેથી પેન્શનર્સ બેંક ખુલતા જ આવી લાઈન લગાડે છે પરંતુ બેંકની બહાર તેમને ટોકન આપીને નંબર આવે તે મુજબ અંદર જવા દેવામાં આવે છે. અત્યારે કાળઝાળ ઉનાળાની ગરમીમાં બેંક દ્વારા ટોકન તો ૯૦-૧૦૦ ઈશ્યુ કરી દેવાય છે પરંતુ વડીલોને બેસવા માટે માત્ર પાંચ જ ખુરશી મુકવામાં આવે છે જેથી બાકીના વડીલોને બેંકના પગથિયામાં અને બહાર તડકામાં લાઈમાં ઉભા રહેવું પડી રહ્યું છે. બીજી તરફ કોરોના



કાળને લીધે બેંકમાં પણ ગ્રાહકોની હાજરી તદ્દન ઓછી હોવાને કારણે અંદરની મોટા ભાગની બેઠક વ્યવસ્થા ખાલી હોય છે જયારે બહાર છાંયડાના અને બેઠક વ્યવસ્થાના અભાવે વડીલોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

પેન્શનર્સ વડીલોમાં અનેક ખૂબ મોટી વયના વડીલો હોય છે જેમને ઘણી બધી શારિરીક તકલીફો, અશકત શરીર કે બિમારી જેવી સમસ્યા હોય છે તેમજ ઘણા દિવ્યાંગ વડીલો પણ આવે છે આ ઉપરાંત મોટી ઉંમરની મહિલઓનો પણ સમાવેશ થાય છે જેઓને આ વૈશાખ મહીનાના બાળબળતા દિવસે લાઈનમાં ઉભા રહેવું પડે છે પરંતુ બેંક દ્વારા અંદર એસી-પંખા સાથે પુરતી બેઠક વ્યવસ્થા હોવા છતાં એક એક વડીલને જ અંદર જવા દેવાય છે. હયાતીના પુરાવા માટે દર વર્ષે થતી પ્રક્રિયા છે જેથી બેંક અધિકારીઓને ખબર જ હોય છે કે કેટલી ભીડ લાગતી હોય છે તેમ છતાં માત્ર પાંચ જ ખુરશી મુકીને બાકીના વડીલોને પરેશાનીનો ભોગ બનવા દેવાય છે.

આમ તો હયાતીના પુરાવાની આ પ્રક્રિયાની ઓનલાઈન વ્યવસ્થા પણ છે પરંતુ મોટાભાગના વડીલોને સ્માર્ટ ફોન કે ઈન્ટરનેટ વાપરતાં આવડતું નથી હોતું કે તેમની દૃષ્ટિ નબળી પડી ગઈ હોવાથી ફાવતું હોતું નથી. વળી, જેને ફાવે છે તેવા વડીલો પણ ઓનલાઈન સુવિધા યોગ્ય રીતે ચાલતી નથી તેવી ફરિયાદો પણ કરી રહ્યા છે. આ સ્થિતિમાં બેંક દ્વારા માનવતાભર્યો અભિગમ દાખવી વડીલોને અંદર સોશિયલ ડિસ્ટન્સ સાથે બેસી શકે તેવી વ્યવસ્થા કેમ ના ગોઠવી શકાય? બહાર તડકામાં ઉભા રહેલા કોઈ બિમાર-અશકત વડીલની તબિયત બગડે અને તકલીફમાં મુકાય તો તેની જવાબદારી કોની? આવા સવાલો સમગ્ર વ્યવસ્થાને અનુલક્ષીને ઉઠી રહ્યા છે.

### ગાંધીનગર સાથે સંકળાયેલા પરિવારને

## સાત કરોડનું ઈનામ લાગેલી ટિકિટ જડતાં મૂળ માલિકને પરત કરી

**અમેરિકામાં વસતા પરિવારને જ પોતાના જ સ્ટોર્સમાંથી લોટરી ટિકીટ જડી હતી જેના પર એક મિલિયન ડોલર ઈનામ લાગ્યું હતું : તેમની પ્રમાણિકતાની ચોમેર પ્રસંશા**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સાથે સંકળાયેલા એક પરિવારની આજકાલ અમેરિકામાં ખૂબ બોલબોલા થઈ રહી છે. કેમ કે આ પરિવારે દાખવલી પ્રમાણિકતા એ દરેકના ગજા બહારની છે. ગાંધીનગર શહેરમાં જેમની બહેન અને દિકરી પરણાવેલી છે તેવા મૌનિશભાઈ શાહના પરિવારે અમેરિકામાં પોતાના ડિપાર્ટમેન્ટલ સ્ટોર પર એક ગ્રાહકે છોડી દીધેલી લોટરીની ટિકિટ જેના પર અધધ... કહી શકાય તેટલું આશરે રૂપિયા સાત કરોડનું નામ લાગ્યું હતું તે ટિકિટ તેના મૂળ માલિકને શોધીને પરત કરી છે. મૌનિશભાઈના દિકરા અભિને આ ટિકિટ સ્ટોર્સમાં સફાઈ કરતા પ્રાપ્ત થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મૌનિશભાઈના બહેન છાયાબેન શાહ સે-૩માં રહે છે અને દિકરી વારીજા જેને ગાંધીનગર ખાતે પરણાવેલી છે તે પણ હાલ અમેરિકામાં સેટલ છે.

**જે મહિલાની ટિકિટ હતી તેની પાસે કોવિડનું સારવારનું બિલ ચુકવવાના પૈસા નહોતા**

**અભિને મળેલી સાત કરોડની લોટરીની ટિકિટ જેની હતી તે મહિલા લીઆ ફેઈઝાને ગત માસે જ કોરોના થયો હતો અને તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જેનું બિલ દસ હજાર ડોલર એટલે કે આશરે રૂપિયા ૭૦ લાખનું થયું હતું જે ચુકવવા લીઆ પાસે પુરતી સગવડ ના હોવાથી તેની ચિંતા સતાવી રહી હતી. એક તરફ હોસ્પિટલનું બિલ કઈ રીતે ચુકવવું તેની ચિંતામાં સપડાયેલી લીઆએ પોતાને લાગેલી એક મિલિયન ડોલરની લોટરીની ટિકિટ ગુમાવી દીધી હતી પરંતુ તેનું નસીબ એક ગુજરાતી પરિવારની પ્રમાણિકતાને પગલે ચમકયું હતું અને તેને પોતાની ટિકિટ પાછી મળી હતી.**

મોનિશભાઈ શાહ અમેરિકામાં લકી લોટરી સ્ટેશન નામથી એક ડિપાર્ટમેન્ટલ સ્ટોર ધરાવે છે જેમાં વાઈનશોપ ઉપરાંત પેકેઝડ ફુડ તેમજ લોટરીની ટિકિટો વગેરેનો વેપાર કરે છે. સ્ટોર પર તેમના પુત્ર અભિ અને પત્નિ અરૂણાબેન પણ કામ કરે છે અને લીઆ ફેઈઝા નામની એક મહિલા તેમની નિયમિત ગ્રાહક છે. તાજેતરમાં લીઆએ તેમના






સ્ટોરમાંથી એક લોટરીની ટિકિટ ખરીદી હતી જેના પર બે ઈનામ જીતવાની તક હતી. લીઆએ આ ટિકિટ અધૂરી સ્ક્રેચ કરતા ખબર પડી કે તેને ઈનામ લાગ્યું નથી તેથી નિરાશ થઈને તે અરૂણાબેન પાસે ટિકિટ પડતી મુકીને ચાલી ગઈ હતી જે થોડા સમય પછી અભિના હાથમાં આવી હતી. અભિએ આ ટિકિટ સ્ક્રેચ કરીને ચેક કરતા તેના પર બીજા ચાન્સમાં એક મિલિયન ડોલર એટલે કે ભારતીય નાણામાં આશરે રૂપિયા સાત કરોડની અધધ... કહી શકાય તેટલી રકમનું ઈનામ લાગ્યું હતું તેથી તેણે તુરંત માતા પિતાને તેની જાણ કરી હતી. આટલા મોટા ઈનામની ટિકિટનું શું કરવું તે વિચારમાં પડી ગયેલા પરિવારે સુરત ખાતે રહેતા અભિના દાદા કિરીટભાઈને ફોન કરીને સમગ્ર વાત જણાવતા દાદાએ સ્પષ્ટ જણાવ્યું કે, 'આ નાણાં આપણા હક્કના નથી એટલે એ જેની ટિકિટ હોય તેને શોધીને આપી દો.' આ પછી અભિએ ઈન્ટરનેટ પર તપાસ કરીને લીઆનો સંપર્ક સાધ્યો અને તે ટિકિટ તેની જ છે તેવી ખરાઈ કર્યા બાદ લોટરીની ટિકિટ લીઆને પરત કરી તેના પર લાગેલા ઈનામની જાણ કરતાં જ લીઆ ભાવુક થઈને રડી પડી હતી અને સમગ્ર પરિવારનો આભાર માન્યો હતો. આ વાત લીઆએ મિત્રવર્તુળમાં જણાવતા વાત વાયુવેગે પ્રસરી ગઈ હતી અને અમેરિકન ન્યુઝ ચેનલો પર શાહ પરિવારના ઈન્ટરવ્યુ સાથે સમગ્ર ઘટના પ્રસારિત થતાં તેમની પ્રમાણિકતાની પ્રસંશા થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અભિની બહેન વારીજા ગાંધીનગરની પુત્રવધુ છે અને તે પણ અમેરિકા સેટલ છે.

## જન્મદિને વધામણી



વી વી વૈષ્ણવ
એમ.ડી - ઈન્ફોસિટી સ્કૂલ ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



પ્રકાશ બી પટેલ
મો. ૮૮૬૬૦ ૯૩૮૩૪



અજય શુક્લા
મો. ૭૩૫૯૧ ૫૨૪૨૧



હિરેન બી. પટેલ



યોગી પરિક્ષીત ચૌહણ
મો. ૯૪૨૭૩ ૮૦૮૧૨

## ખૂણેખાંચરેથી

● સે. ૨ માં રહેતા બ્રહ્મસમાજના અગ્રણી ગિરીશભાઈ ભટ્ટના ઘરમાં એકાએક ઈજાગ્રસ્ત થયેલ બાજ પક્ષી આવી પહોંચ્યુ હતુ. ભટ્ટે વન વિભાગની ટીમને બોલાવી અને તેને લઈ જવા જણાવ્યુ હતુ.

● ગાંધીનગર જિલ્લા કલેક્ટરે મહેસુલ અને પંચાયતના અધિકારીઓની એક વિડીયો કોન્ફરન્સ કરી આરોગ્ય વિભાગ દ્વારા ચાલી રહેલ વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવામાં સહભાગી થવા પર ભાર મુક્યો હતો.

● રાજ્યના મુખ્ય સચિવે પણ આજે વેક્સિનેશન અને કોવિડની સ્થિતિને લઈ જિલ્લાઓના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી.

● રાજ્યમાં છેલ્લા સાત દિવસથી નિયમિત સાંજે ૭.૩૦ વાગે વિડીયો કોન્ફરન્સ સરકાર દ્વારા યોજવામાં આવી રહી છે.

● ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૯૫૪ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે પાંચ મૃતકોની અંતિમવિધિ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે કરાઈ હતી.

● રેગપીકર્સના કલ્યાણ માટે શ્રમ અને કલ્યાણ વિભાગ દ્વારા અમલી બનાવાયેલ યોજનાના અમલીકરણ અંગે રાજ્યની મનપાના તંત્ર સાથે વી.સી.નું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં ૧૮+ ના ૩૭૮૧ યુવાઓને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા જ્યારે ૪૫+ ના ૪૫૪ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા.